રાજકોટ  શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલ સારી કામગીરીની વિગત નીચે મુજબ છે.

સાયબર સેલ ક્રાઇમ બ્રાન્ચ માહે ૦૨/૨૦૨૦ ની સારી કામગીરી

| ક્રમ | વિગત | સંખ્યા | કિંમત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | Mobile Recover | ૧૪૯ | ૨૨,૩૫,૫૦૭/- | કુલ ૧૪૯ કિંમત ૨૨,૩૫,૫૦૭ /- ના મોબાઇલ રીકવર કરી પરત અરજદારોને સોપ્યા |
| ૨ | Social App. | ૫૧ | - | ચાલુ માસે સોસીયલ મીડીયાની અરજી અન્વયે ફેસબુક તેમજ અન્ય સોર્સ મારફતે માહિતી મેળવી અરજીનો રીપોર્ટ કરેલ છે. |
| 3 | Financial Fraud | ૨૯૪ | ૧,૩૪,૩૬૫/- | કુલ-૨૯૪ અરજીમાં રૂ. ૧,૩૪,૩૬૫/- પેમેન્ટ ગેટ-વે મારફતે પરત ભોગ બનનાર ના એકાઉન્ટમાં જમા કરાવેલ. |

# ડી.સી.બી. પો.સ્ટે. માહે ૦૨/૨૦૨૦ ની સારી કામગીરી

PRESS NOTE

**RAJKOT CITY CRIME BRANCH**

**બહારના રાજયમાથી દુધના ટેન્કરની આડમા ઇગ્લીશ દારૂની હેરફેર કરતા એક ઇસમને ઇગ્લીશ દારૂ સહીતના કુલ કિ.રૂ. ૩૦,૭૪,૦૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ**

રાજકોટ શહેર ***પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સયુંકત પોલીસ કમિશ્નરશ્રી ખુરશીદ એહમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી સૈની સાહેબ ઝોન-૧ તથા શ્રી જાડેજા સાહેબ ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ શ્રી જયદિપસિંહ સરવૈયા સા.*** નાઓએ હાલમા ગુજરાત રાજયના ડી.જી.પી. સાહેબ તરફથી પ્રોહી તથા જુગારની ડ્રાઇવનુ આયોજન કરવામા આવેલ હોય જે ડ્રાઇવ દરમ્યાન અસરકારક કામગીરી કરવા તેઓ સાહેબની સુચના તથા **અમો *પો.ઇન્સ. એચ.એમ.ગઢવી*** ના સીધા માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પો.સ્ટે. ના **પો. સબ ઇન્સ. પી. એમ. ઘાખડા,** એ.એસ.આઇ. વિજયસિંહ ઝાલા, રાજદિપસિંહ ગોહિલ તથા પો. હેડ કોન્સ. **અમીતભાઇ** અગ્રાવત, યોગેન્દ્રસિંહ જાડેજા, પ્રતાપસિંહ ઝાલા, ફીરોજભાઇ શેખ, હરદેવસિંહ જાડેજા તથા પો. કોન્સ. યોગીરાજસિંહ જાડેજા, પ્રદિપસિંહ જાડેજા, સોકતભાઇ ખોરમ નાઓ એ પ્રોહી જુગાર અંગે ડ્રાઇવમા પેટ્રોલીંગમા હોય જે દરમ્યાન પો. હેડ કોન્સ. **અમીતભાઇ અગ્રાવત, યોગેન્દ્રસિંહ જાડેજા તથા પો.** કોન્સ. યોગીરાજસિંહ જાડેજા નાઓની **સયુંકત હકિકત** આધારે રાજકોટ શહેર, કાલાવાડ રોડ, નવા ૧૫૦ ફુટ રીંગ રોડ, કટારીયા ચોકડીથી વાવડી તરફ જતા રોડ ઉપરથી.

**આરોપી -**

બુધારામ સ/ઓ વરધારામ દેવચંદજી બીસનોઇ ઉવ.૫૨ ધંધો ડ્રાઇવીંગ રહે. ભાટીપ ગામ તા.રાનીવાસ જી.જાલોર રાજસ્થાન,

વાળાઓ **પાસેથી** અલગ અલગ બ્રાન્ડની અલગ અલગ એમ.એલ. ની **ઇગ્લીશ દારૂની બોટલ નંગ-૫૮૩૨ કિ.રૂ.૧૫,૭૩,૫૦૦/- તથા એક ટેન્કર ટ્રક કિ.રૂ.૧૫,૦૦,૦૦૦/- તથા એક મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦/- તથા ચાવી કિ.રૂ.૦૦/- મળી કુલ કિ.રૂ.૩૦,૭૪,૦૦૦/- ના મુદામાલ** સાથે મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

તા.૦૭/૦૨/૨૦૨૦,

( એચ.એમ.ગઢવી )
પોલીસ ઇન્સ્પેકટર,
ડી. સી. બી. પો.સ્ટે.
રાજકોટ શહેર.

PRESS NOTE

# RAJKOT CITY CRIME BRANCH

## રાજકોટ શહેર તથા મોરબી જીલ્લા મા ખુન ની કોશીષ, લુંટ, તથા ચોરીઓના અસંખ્ય ગુન્હાઓ મા સંડોવાયેલ ઇસમોને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

*રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૧ શ્રી રવિ-મોહન સૈની સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ નાઓ દ્વારા રાજકોટ શહેરમાં મીલ્કત સંબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ શહેર વિસ્તારમા થયેલ ઘરફોડ ચોરી, લુંટ તથા વાહન ચોરીના અન-ડીટેક્ટ ગુન્હાઓ શોધી કાઢવા સારૂ સુચના કરેલ જે કરેલ સુચના અન્વયે એ.સી.પી.ક્રાઇમ શ્રી જયદીપસિંહ સરવૈયા સાહેબ તથા અમો પોલીસ ઇન્સપેક્ટર એચ.એમ.ગઢવી નાઓના સીધા માર્ગદર્શન અને સુચના હેઠળ પો.સબ.ઇન્સ.પી.એમ.ધાખડા તથા ટીમના માણસો સતત પ્રયત્નશીલ હતા.દરમ્યાન રાજકોટ શહેર ડી.સી.બી.પો.સ્ટે.ના પો.કોન્સ. કુલદીપસિંહ જાડેજા, નગીનભાઇ ડાંગર, હીરેનભાઇ આહીર નાઓને મળેલ હકિકત આધારે મોરબી રોડનવા માર્કેટીંગ યાર્ડ આગળ થી નીચે જણાવેલ આરોપીને ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.*

➢ આરોપી–

(૧) અજીત ભીખાભાઇ જાખણીયા જાતે. દેવીપુજક ઉ.વ. ૨૦ ધંધો. ભંગારની ફેરી રહે. રૂડા ટ્રાન્સપોર્ટ નગર પાછળ ઝુપડપટીમાં કુવાડવા રોડ, સાતહનુમાન મંદીર પાસે, રાજકોટ

(૨) ગોપાલ જેશાભાઇ સાડમીયા જાતે. દેવીપુજક ઉ.વ. ૨૨ ધંધો. ભંગારની ફેરી રહે. રૂડા ટ્રાન્સપોર્ટ નગર પાછળ ઝુપડપટીમાં કુવાડવા રોડ, સાતહનુમાન મંદીર પાસે, રાજકોટ

(૩) ભીખાભાઇ નાનજીભાઇ જાખણીયા જાતે. દેવીપુજક ઉ.વ. ૪૦ ધંધો. ભંગાર વીણવાનો રહે. રૂડા ટ્રાન્સપોર્ટ નગર પાછળ ઝુપડપટીમાં કુવાડવા રોડ, સાતહનુમાન મંદીર પાસે, રાજકોટ

➢ અટક કરવાનો બાકી આરોપી– - અશોક ભીખાભાઇ જાખણીયા જાતે. દેવીપુજક રહે. રૂડા ટ્રાન્સપોર્ટ નગર પાછળ ૨ ઝુપડપટીમાં કુવાડવા રોડ, સાતહનુમાન મંદીર પાસે, રાજકોટ

➢ કબ્જે કરેલ મુદામાલ

(૧) અતુલ રીક્ષા-૨

(૨) કટર (ગ્રાઇન્ડર મશીન)

(૩) ગણેશીયો (કોસ)

(૪) લોખંડ ની તણી

(૫) મોબાઇલ ફોન-૩

(૬) કટર -૧ એમ કુલ મળી કી.રૂ. ૧,૦૬,૦૦૦/- નો મુદામાલ કબ્જે કરવામા આવેલ છે

> <u>ગુન્હો કરવાની એમ.ઓ -</u>

રાત્રીના સમયે મુખ્ય રોડ ઉપર તથા આજુબાજુ મા આવેલ કારખાના,ખેતર , તથા વાહન ના શો-રૂમ મા ચાદર ઓઢી મોઢે તથા માથે રૂમાલ બાંધી હાથ મા ચોરી કરવા તથા હુમલો કરવા માટે ઉપયોગ થાય તેવા હથીયાર ધારણ કરી પ્રવેશ કરી ચોરી,લુંટ આચરવાની ટેવ વાળા છે

> <u>આરોપી નો ગુન્હાહિત ઇતિહાસ</u>- આરોપી ભીખાભાઇ નાનજીભાઇ જેઓ અગાઉ આઠ થી દશ વખત મિલ્કત સબંધી ગુન્હા મા પકડાયેલ છે

> <u>આરોપીઓ એ આચરેલ ગુન્હાઓ</u>

(૧)આશરે એકાદ વર્ષ પહેલા ટંકારા મા લતીપર રોડ ઉપર જીન માંથી રોકડા રૂપીયા ની ચોરી કરેલ જે અંગે <u>ટંકારા પો.સ્ટે. ગુ.ર.ન. ૨૦/૨૦૧૯ આઇ.પી.સી. કલમ ૪૫૭,૪૫૭,૩૮૦ મુજબ</u> ગુન્હો દાખલ થયેલ છે

(૨) આશરે એકાદ વર્ષ પહેલા મીતાણા ડેમ ની બાજુમા બહુચર માના મંદીર મા દાન પેટી ની ગ્રાઇન્ડર કટર વડે કાપી તેમાંથી રોકડા રૂપીયા ની ચોરી કરેલ હતી

(૩) આશરે સાડા પાંચેક મહીના પહેલા કુવાડવા રોડ ઉપર મહીન્દ્રા ના શો રૂમ (ગેલોપ્સ પ્રા.લી) માંથી રોકડા રૂપીયાની ચોરી કરેલ છે જે અંગે કુવાડવા રોડ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.ન. ૧૧૭/૨૦૧૯ આઇ.પી.સી. કલમ ૪૫૭,૩૮૦,૧૧૪ વી. મુજબ ગુન્હો દાખલ થયેલ છે

(૪) આશરે સાડા પાંચેક મહીના પહેલા કાલાવડ રોડ ઉપર ઇસ્વરીયા મા ઇનોવેટીવ સ્કુલ માંથી રોકડા રૂપીયા ની ચોરી કરેલ છે

(૫) આશરે સાડા પાંચેક મહીના પહેલા ગોંડલ રોડ ઉપર સુમન બજાજ ઓટો નામના શો રુમ મા ચોરી કરવા ની કોશીષ કરેલ

(૬) આશરે સાડા પાંચેક મહીના પહેલા ગોંડલ રોડ સોમનાથ ઓટો યામાહ મોટર સાયકલ ના શોરૂમ મા રોકડા રૂપીયા ની ચોરી કરેલ હતી

(૭) આશરે સાડા પાંચેક મહીના પહેલા ગોંડલ રોડ ઉપર ટીવીએસ ના શો-રૂમ મા ચોરી કરવાની કોશીષ કરેલ હતી

(૮) આશરે પાંચેક મહીના પહેલા કુવાડવા રોડ ઉપર માલીયાસણ ગામ પાસે આવેલ મહીન્દ્રા ના શો-રૂમ મા રોકડા રૂપીયા ની ચોરી કરેલ જે અંગે કુવાડવા રોડ પો.સ્ટે. <u>ફસ્ટ ગુ.ર.ન. ૧૧૭/૨૦૧૯ આઇ.પી.સી. કલમ ૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ ગુન્હો દાખલ થયેલ છે</u>

(૯) આશરે ચારેક મહીના પહેલા રાત્રીના પરા પીપળીયા ગામ મા ગૌશાળાની બાજુમા ખંઢેરી રોડ ઉપર આહીર કન્યા છાત્રાલય મા ચોરી કરવાની કોશીષ કરેલ

(૧૦) આશરે ચારેક મહીના પહેલા રાત્રીના પરા પીપળીયા ગામ મા વોરા સ્કુલ માં રોકડા રૂપીયા ની ચોરી કરેલ હતી

(૧૧) આશરે ચારેક મહીના પહેલા મોરબી રોડ ઉપર રતનપર પંચદેવી મંદીર મા પુજા કરતા પુજારી તથા તેના પત્નિ ને માર મારી સોનાની બુટી જોડી-૧ તથા પગ મા પહરેલ ચાંદીના સાંકળી તથા એક ચાંદીની માળા તથા રોકડા રૂપીયા ૨૮૦૦/- ની લુંટ કરેલ હતી જે અંગે <u>કુવાડવા રોડ પો.સ્ટે. મા ગુ.ર.ન. ૧૨૧/૨૦૧૯ આઇ.પી.સી. કલમ ૩૯૪,૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ ગુન્હો દાખલ થયેલ છે</u>

(૧૨) આશરે ચારેક મહીના પહેલા રતનપર રામધામ સોસાયટી કલ્પવૃક્ષ બંગલો માંથી એક મોટરસાયકલ ની ચોરી કરેલ

(૧૩) આશરે ચાર-સાડા ચાર મહીના પહેલા રતનપર રામધામ સોસાયટી કલ્પવૃક્ષ બંગલો માંથી અન્ય એક મોટરસાયકલ ની ચોરી કરેલ થોડે આગળ બંધ પડી જતા મુકી દીધેલ

(૧૪) આશરે વીસેક દીવસ પહેલા છતરગામ ઇનવીકટેસ નામના કારખાના મા ચોરી ની કોશીષ કરેલ

(૧૫) આશરે વીસેક દીવસ પહેલા છતરગામ શ્રી રામ પોલીએકસ પ્રા.લી. કારખાના માંથી બે મોબાઇલ ફોન તથા એક જેકટ ની ચોરી કરેલ હતી

(૧૬) આશરે પંદર દીવસ પહેલા કાગદડી ગામની વાડીમા ચોરી કરવા સારુ ગયેલ અને ઓરડી મા સુતેલ વ્યકિત ને છરીઓ ના ઘા મારી જીવલેણ ઇજા કરેલ અને ઇજાપામનાર દેકારો કરતા ચોરી કે લુંટ કરેલ નહી જે અંગે કુવાડવા રોડ પો.સ્ટે. ફસ્ટ <u>ગુ.ર.ન. ૧૧૨૦૮૦૩૭૨૦૦૦૨૯ આઇ.પી.સી. કલમ ૩૦૭,૧૧૪</u> મુજબ ગુન્હો દાખલ થયેલ છે

(૧૭) આશરે પંદરેક દીવસ પહેલા મીતાણા ગામ મા ડેમ ની બાજુમા એકાદ વર્ષ પહેલા ચોરી કરેલ તે જ બહુચર માતાજી ના મંદીર ની દાન પેટી કટર (ગ્રાઇન્ડર) વડે કાપી તેમાથી રોકડા રૂપીયા ની ચોરી કરેલ

> <u>નોંધાયેલ ગુન્હાઓ</u>

(૧) ટંકારા પો.સ્ટે. ગુ.ર.ન. ૨૦/૨૦૧૯ આઇ.પી.સી. કલમ ૪૫૭,૪૫૭,૩૮૦

(૨) કુવાડવા રોડ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.ન. ૧૧૭/૨૦૧૯ આઇ.પી.સી. કલમ ૪૫૭,૩૮૦,૧૧૪ વી

(૩) કુવાડવા રોડ પો.સ્ટે. મા ગુ.ર.ન. ૧૨૧/૨૦૧૯ આઇ.પી.સી. કલમ ૩૯૪,૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ

(૪) કુવાડવા રોડ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.ન. ૧૧૨૦૮૦૩૭૨૦૦૦૨૯ આઇ.પી.સી. કલમ ૩૦૭,૧૧૪

> *<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી-</u>*

*રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.ના પો.સબ.ઇન્સ. પી.એમ.ધાખડા તથા પો.હેડ કોન્સ.- મયુરભાઇ પટેલ,યુવરાજસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ ઝાલા, અમિતભાઇ અગ્રાવત, તથા પો.કોન્સ. કુલદિપસિંહ જાડેજા નગીનભાઇ ડાંગર, સંજયભાઇ રૂપાપરા, ,પ્રદીપસિંહ જાડેજા, હીરેનભાઇ આહીર નાઓ દ્વારા કામગીરી કરવામા આવેલ છે.*

> *નોંધ- સદર ગુન્હા ના કામના આરોપી નંબર (૧) ના લગ્ન હતા પણ પોલીસ પાછળ હોવાની ગંધ આવી જતા તમામ આરોપીઓ ઘર છોડી નાસતા ફરતા હતા અને આ બાબત ની જાણ દીકરી ના મા બાપ ને પણ થઇ ગયેલ હતી આથી દીકરી વાળાએ લગ્ન કરવાની ના પાડી દીધેલ હોય જેથી લગ્ન મોકુફ રાખેલા હતા*

> <u>ઇનામ</u> - સદરહુ સારી કામગીરી કરનાર અધિકારીશ્રી તથા કર્મચારીઓ ને રૂ.૧૫,૦૦૦/- ની ઇનામ આપવાનુ મ્હે. પોલીસ કમિશ્નરશ્રી દ્વારા જાહેર કરવામા આવેલ છે.

તા.૧૨/૦૨/૨૦૨૦

(એચ.એમ.ગઢવી)
પોલીસ ઇન્સ્પેકટર,
ડી. સી. બી. પો.સ્ટે
રાજકોટ શહેર.

# ક્રાઇમ બ્રાન્ચ, રાજકોટ શહેર

## રાજકોટ - અમદાવાદ હાઇવે, તરઘડીયા ગામના પાટીયા પાસેથી આઇસર ગાડી તથા ગે.કા. ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી કુલ મુદામાલ રૂ. ૨૬,૩૪,૮૦૦/- પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ, તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન - ૧ શ્રી રવિમોહન શૈની સાહેબ, તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન - ૨ શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ, તથા એ.સી.પી. ક્રાઇમ શ્રી જયદીપસિંહ સરવૈયા સાહેબની સુચનાથી અમો **<u>પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.એમ.ગઢવી</u>**ના માર્ગદર્શન હેઠળ **<u>પોલીસ સબ ઇન્સપેકટર</u> એસ.વી.પટેલ** તથા એ.એસ.આઇ. **જયેશભાઇ શુકલા**, પોલીસ હેડ કોન્સ્ટેબલ **જયેશભાઇ નિમાવત**. પોલીસ કોન્સ્ટેબલ વિક્રમભાઇ લોખીલ, અમીનભાઇ ભલુર, જીજ્ઞેશભાઇ મારૂ, હિરેન્દ્રસિંહ પરમાર, વિગેરે માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન **<u>પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એસ.વી.પટેલ તથા પોલીસ કોન્સ્ટેબલ વિક્રમભાઇ લોખીલ</u>**ની હકીકતના આધારે રાજકોટ - અમદાવાદ હાઇવે, તરઘડીયા ગામના પાટીયા પાસેથી નીચે જણાવેલ આરોપીઓને પકડી તેની પાસેથી નીચે જણાવેલ ગે.કા. ઇંગ્લીશ દારૂ તથા મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે.

**<u>આરોપીઓના નામ:-</u>**

(૧) લાલારામ આઇદાનરામ જાટ ચૌધરી ઉ.વ. ૨૩ રહે. મુકને કા તલા (લીલસર) તા. ચોહટન જી. બાડમેર (રાજસ્થાન)

(૨) રમેશ મંગલારામ ચૌધરી ઉ.વ. ૧૯ રહે. ગામ બાધા તા. સેડવા જી. બાડમેર (રાજસ્થાન)

**<u>કબ્જે કરેલ મુદામાલ:-</u>**

(૧) ગે.કા. ભારતીય બનાવટનો વિદેશી દારૂ પાર્ટી સ્પેશ્યલ ડીલકસ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ. ની બોટલો નંગ - ૫૭૩૬ જેની કિ.રૂ. ૧૭,૨૦,૮૦૦/-

(૨) આઇસર ગાડી નં. એમ.એચ.૦૪.જે.કે. - ૩૬૬૪ જેની કિ.રૂ. ૯,૦૦,૦૦૦/-

(૩) એક વીવો કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ. ૭,૦૦૦/-

(૪) એક રેડમી કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ. ૭,૦૦૦/-

જે કુલ મુદામાલ રૂ. ૨૬,૩૪,૮૦૦/-

**<u>કામગીરી કરનાર અધિકારી/ કર્મચારી:-</u>**

પોલીસ ઇન્સ્પેકટર શ્રી એચ.એમ.ગઢવી, પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એસ.વી.પટેલ, એ.એસ.આઇ. જયેશભાઇ શુકલા, પોલીસ હેડ કોન્સ્ટેબલ જયેશભાઇ નિમાવત, પોલીસ કોન્સ્ટેબલ વિક્રમભાઇ લો અમીનભાઇ ભલુર, જીજ્ઞેશભાઇ મારૂ, હિરેન્દ્રસિંહ પરમાર દ્વારા કામગીરી કરવામા આવેલ છે.

PRESS NOTE

**RAJKOT CITY CRIME BRANCH**

## રાજકોટ શહેર કુવાડવા રોડ પો.સ્ટે.મા બનેલ મારામારીના ગંભીર બનાવના બન્ને આરોપીઓને ગણતરીની કલાકોમા ગુન્હામા વાપરેલ હથિયાર સાથે પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

રાજકોટ શહેર કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમા ગઇ તા-૧૭/૦૨/૨૦૨૦ ના રોજ તા-જી-રાજકોટ ના મેસવડા ગામમા મારમારીનો બનાવ બનેલ જે બનાવ સંબધે રાજકોટ શહેર કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમા ફસ્ટ ગન્હા રજીસ્ટર નં-૧૧૨૦૮૦૩૭૨૦૦૦૫૭/૨૦૨૦ આઇ.પી.સી.કલમ-૩૦૭,૩૩૭,૪૨૭,૧૧૪,૩૨૩,તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબનો ગુન્હો તા-૧૭/૦૨/૨૦૨૦ ના રોજ રજીસ્ટર થયેલ.

ઉપરોકત બનાવ સંબધે શહેર વિસ્તારમા કોઇ અનિચ્છનિય બનાવ ન બને અને બન્ને કોમ વચ્ચે વેમનસ્ય ન ફેલાય અને સુલેહ શાંતિ જળવાય જે બાબતે સદરહુ બનાવની ગંભીરતા લઇ રાજકોટ શહેર મ્હે.કમિશ્નર સા.શ્રી મનોજ અગ્રવાલ સાહેબ **તથા સયુંકત પોલીસ કમિશ્નર શ્રી ખુર્શીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી સૈની સાહેબ ઝોન-૧ તથા શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ શ્રી જયદિપસિંહ સરવૈયા સાહેબ નાઓએ સદરહુ ગુન્હાના કામના આરોપીઓને તાત્કાલીક પકડી પાડવા સારૂ** સુચના કરેલ જે કરેલ સુચના અન્વયે અમો પોલીસ ઇન્સપેકટર એચ.એમ.ગઢવી નાઓના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચની અલગ અલગ ટીમો બનાવી બનાવ અનુસંધાને પો.સ.ઇ.યુ.બી.જોગરાણા નાઓ તથા ટીમના માણસો પ્રયત્નસીલ હતા દરમ્યાન પો.હેડ.કોન્સ.જયંતીભાઇ ગોહિલ તથા પો.કોન્સ.સંજયભાઇ ચાવડા નાઓને હકીકત મળેલ કે, આ બનાવ મા સંડોવાયેલ બન્ને આરોપીઓ હાલ અમદાવાદ હાઇવે પર આવેલ બેટી ગામના પાટીયા પાસે ઉભેલ છે.અને બહારગામ ભાગવાની ફીરાકમા છે.જે અનુસંધાને તુંરત પ્રાઇવેટ વાહનમા ખાનગી રીતે હકીકત વાળી જગ્યાએ પહોંચી નીચે મુજબના બન્ને આરોપીઓને ગુન્હામા વપરાયેલ છરી સાથે અમદાવાદ હાઇવે પર આવેલ બેટી ગામના પાટીયા પાસેથી પકડી પાડેલ છે.

- ધરપકડ કરેલ આરોપીઓ

(૧) ખીમજીભાઇ વીરજીભાઇ બાવળીયા જાતે-કોળી ઉવ-૫૫ રહે-મેસવડા ગામ તા-જી રાજકોટ
(૨) કાનજીભાઇ ઉર્ફે હકાભાઇ ખીમજીભાઇ બાવળીયા જાતે-કોળી ઉવ-૩૫ રહે-મેસવડા ગામ તા-જી રાજકોટ

- આરોપી પાસેથી કબ્જે કરેલ મુદામાલ

(૧) છરી નંગ-૦૧ કીરૂ-૦૦/૦૦ ની કબ્જે કરવામા આવેલ છે.

➢ <u>આરોપીઓનો ગુન્હાહીત ઇતીહાસ-</u>

*આકામના બન્ને આરોપી અગાઉ આઇ.પી.સી. કલમ-૩૦૬ના ગુન્હામા સંડોવાયેલ છે.*

➢ *<u>કામગીરી કરનાર અધિકારી / કર્મચારી -</u> રાજકોટ શહેર પોલીસ ઇન્સપેક્ટર એચ.એમ.ગઢવી તથા પો.સબ.ઇન્સ.યુ.બી.જોગરાણા તથા ASI બીપીનદાન ગઢવી HC સંતોષભાઇ મોરી તથા જયંતીભાઇ ગોહિલ તથા અભીજીતસિંહ જાડેજા તથા પો.કોન્સ.ઇન્દ્રજીતસિંહ ગોહિલ તથા કરણભાઇ મારૂ તથા સંજયભાઇ ચાવડા તથા અશોકભાઇ ડાંગર નાઓ દ્વારા કામગીર કરવામા આવેલ છે.*

તા.૧૯/૦૨/૨૦૨૦

(એચ.એમ.ગઢવી )
પોલીસ ઇન્સ્પેકટર,
ડી. સી. બી. પો.સ્ટે.
રાજકોટ શહેર.